# રાજ્યભરમાં હળવા વરસાદની સંભાવના

અમદાવાદ, તા.૫

પંજાબ અને આસપાસના વિસ્તારો ઉપર સાયકલોનિક સરક્યુલેશનને લઈને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ સર્જાઈ ગયા બાદ આની સીધી અસર જોવા મળી હતી. આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું અને વરસાદી માહોલ પણ જોવા મળ્યો હતો. કેટલીક જગ્યાએ વરસાદી છાંટા પડ્યા હોવાના પણ અહેવાલ મળ્યા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલાક વિસ્તારમાં હળવા વરસાદી છાંટા પડી શકે છે અને તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહી શકે છે. બીજી બાજુ ગુજરાત માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને આસપાસના વિસ્તારોમાં વરસાદી છાંટા પડી શકે છે. વાદળછાયુ વાતાવરણ વચ્ચે આજે ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે.



અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઈ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

આજે બપોરે અમદાવાદમાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. આજે નલિયામાં ફરી એકવાર લઘુત્તમ તાપમાન વધીને ૧૧.૬ ડિગ્રી થયું હતું જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૬.૫ ડિગ્રી થયું હતું. ઈન્ફેક્શનના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. જાન્યુઆરી મહિનામાં જ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. મોડી સાંજે ફુલગુલાબી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, લઘુત્તમ તાપમાનમાં બે ત્રણ દિવસ દરમિયાન તબક્કાવારરીતે વધારો થઈ શકે છે. અમદાવાદમાં પણ પારો ઉપર જશે.




## ૯ અને ૧૦ ફેબ્રુઆરી દરમિયાન નળસરોવર અને થોળ અભયારણ્ય વિસ્તારમાં પ્રવેશબંધી

નળસરોવર અને થોળ અભયારણ્ય ખાતે તા. ૯, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમિયાન જળાશયના પક્ષીઓની ગણતરીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર હોવાથી પક્ષી પ્રેમીઓ, પ્રવાસીઓ તથા સ્થાનિક લોકો તેમજ તમામ પ્રકારના લોકો માટે અભયારણ્ય વિસ્તારમાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. આ બન્ને દિવસ દરમિયાન પક્ષીઓ તથા પક્ષી ગણતરી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચે તે માટે નાગરિકો તથા પ્રવાસીઓને સંપૂર્ણ સહયોગ આપવા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગરે જણાવાયું છે.

# ગ્રામ પંચાયતમાં ૮૦.૬૮ ટકા રેકોર્ડ મતદાન

અમદાવાદ,તા. ૫

ચૂંટણી જાહેર કરેલી ગ્રામ પંચાયતો પૈકી કેટલીક ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ તથા કેટલીક ગ્રામ પંચાયત અનસત બિનહરીફ જાહેર થયા બાદ ૧૧૩૧ જેટલી ગ્રામ પંચાયતોમાં રવિવારના દિવસે ચૂંટણી યોજાઈ હતી. ૮૦.૬૮ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી પહેલા ચૂંટણી પંચ દ્વારા ક્યાં કેટલું મતદાન થયું અને ક્યાં કેટલી ગ્રામ પંચાયતની સંખ્યા હતી તેનો આંકડો નીચે મુજબ છે.

| જિલ્લા | ચૂંટણી હેઠળ ગ્રામ પંચાયત | મત ટકાવારી |
|---|---|---|
| આણંદ | ૧૧૫ | ૮૨.૫૨ |
| તાપી | ૧૩ | ૯૦.૩૦ |
| કચ્છ | ૫૦ | ૭૭.૦૧ |
| વડોદરા | ૧૭૦ | ૮૪.૮૬ |
| જુનાગઢ | ૨૨ | ૭૯.૩૩ |
| ભરુચ | ૧૨ | ૭૫.૩૭ |
| જામનગર | ૧૫૩ | ૭૬.૫૬ |
| દેવભૂમિ દ્વારકા | ૪૮ | ૭૯.૬૭ |
| મહેસાણા | ૧૪ | ૭૮.૨૦ |
| અમરેલી | ૨૪ | ૭૪.૪૨ |
| મોરબી | ૦૮ | ૭૩.૨૫ |
| નવસારી | ૩૩ | ૮૪.૧૮ |
| ભાવનગર | ૬૯ | ૭૦.૭૪ |
| વલસાડ | ૧૧ | ૮૧.૫૧ |
| નર્મદા | ૦૮ | ૯૨.૨૩ |
| ખેડા | ૦૯ | ૮૧.૯૯ |
| પંચમહાલ | ૨૯ | ૮૨.૧૪ |
| મહિસાગર | ૧૯ | ૮૬.૭૦ |
| સુરત | ૦૧ | ૭૭.૭૭ |
| બોટાદ | ૨૭ | ૭૧.૫૯ |
| બનાસકાંઠા | ૦૫ | ૮૮.૧૩ |
| સુરેન્દ્રનગર | ૦૬ | ૮૩.૧૧ |
| છોટાઉદેપુર | ૪૪ | ૮૩.૩૧ |
| અરવલ્લી | ૬૪ | ૮૦.૦૬ |
| રાજકોટ | ૧૯ | ૭૨.૯૦ |
| દાહોદ | ૩૯ | ૮૨.૬૪ |
| ગીરસોમનાથ | ૦૮ | ૮૦.૬૬ |
| પાટણ | ૧૯ | ૮૫.૭૮ |
| પોરબંદર | ૦૯ | ૭૮.૦૦ |
| અમદાવાદ | ૧૩ | ૮૩.૬૮ |
| ગાંધીનગર | ૦૫ | ૮૦.૮૦ |
| સાબરકાંઠા | ૬૫ | ૮૧.૮૧ |
| કુલ | ૧૧૩૧ | ૮૦.૬૮ |



## ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીએ બાળકોને તિથિ ભોજન આપ્યુ

ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિક મોદી દ્વારા તેમના પિતાની તિથિ નિમિત્તે શહેરની પંચશીલ પ્રાથમિક શાળાના ૧૪૨ બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યુ હતુ. જેમાં પ્રાંત અધિકારી, મામલતદાર, નાયબ મામલતદાર તથા સ્ટાફે ભોજન કર્યુ હતુ.

# સોશ્યલ મીડિયાની એડિક્ટ પત્નીને પતિએ પતાવી દીધી

શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલી રબારી વસાહત પાસેની એક સોસાયટીમાં રહેતા ટ્રાફિક બ્રિગેડના જવાનના મકાનમાં ભાડેથી રહેતી એક પરિણિતાની રહસ્યમય સંજોગોમાં લાશ મળવાના ચકચારભર્યા પ્રકરણમાં ઓઢવ પોલીસે ગણતરીના કલાકોમાં જ પરિણિતાના મોતના રહસ્ય પરથી પડદો ઉઠાવી દીધો હતો અને આરોપી પતિ ભરતભાઈ પરમારની ધરપકડ કરી લીધી હતી. આરોપી પતિ ભરતભાઈ પરમારે પોલીસ સમક્ષ ગુનાની કબૂલાત કરી લીધી હતી કે, તેની પત્ની દુર્ગા સોશ્યલ મીડિયાની એડિક્ટ બની ગઈ હોઈ અને છેલ્લા ઘણા વર્ષોથી તેમની વચ્ચે ચાલતા ઝઘડાનો અંત લાવવા તેમણે પત્ની દુર્ગાનું કાસળ કાઢી નાંખ્યું હતું.

### સૌપ્રથમવાર ફુડમેમરીઝનો રીટેઇલ સ્ટોર ખુલશે

# ભારતની કોઈપણ ફુડ વસ્તુ અમદાવાદમાં ઉપલબ્ધ થશે

### ભારતમાં મીઠાઇ-મસાલેદાર વાનગીનું બજાર ૫૦ હજાર કરોડનું છે : ગુજરાતી નીતનવા ફુડની લુત્ફ ઉઠાવી શકશે

અમદાવાદ,તા. ૫

ભારતની કોઈપણ પ્રખ્યાત ફુડ આઈટમ હવે અમદાવાદના આંગણે ઉપલબ્ધ બનશે. આગામી દિવસોમાં શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં અમદાવાદ વન મોલ ખાતે સૌપ્રથમવાર ફુડમેમરીઝનો રીટેઈલ અને એક્સ્પીરીઅન્સ્ડ સ્ટોર ખુલવા જઈ રહ્યો છે. જયાં એક જ પ્લેટફોર્મ પર ફુડ પ્રેમી ગુજરાતીઓ દેશના કોઈપણ ખૂણાની ફેવરીટ અને પ્રખ્યાત ફુડ આઈટમ ખાવાનો આસ્વાદ માણી શકશે અને નીતનવા ફુડની લુત્ફ ઉઠાવી શકશે એમ અત્રે ફુડ મેમરીઝના સ્થાપક અને સીઈઓ ડો.હર્મિતસિંઘ શીખે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં મીઠાઈ અને મસાલેદાર વાનગીઓનું બજાર રૂ.૫૦ હજાર કરોડનું મનાઈ રહ્યું છે, જયારે તેનું નિકાસ બજાર જોઈએ તો, ૩૦ અબજ યુએસ ડોલર સુધી પહોંચે છે. આમ, ફુડ પ્રોડક્ટસના ક્ષેત્રે વિપુલ તકો રહેલી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફુડ મેમરીઝ એ અનોખુ માર્કેટપ્લસ છે કારણ તે દેશના ખૂણેખૂણાની ખૂબ જ લોકપ્રિય, મનભાવન અને પ્રખ્યાત ફુડ આઈટમોનો ખજાનો ધરાવે છે. ભારતીય ભોજન હાથવેંતમાં ઉપલબ્ધ કરાવવા માટે ફુડ મેમરીઝ ૨૫૦ જેટલા નિષ્ણાત અનુભવી વેન્ડરો સાથે ૨૦૦થી વધુ બ્રાન્ડઝ અને ૩૦૦૦થી વધુ પ્રોડક્ટ્સ સમયસર અને ગુણવત્તાયુક્ત રીતે ઉપલબ્ધ કરાવે છે. દેશના ૨૬ રાજયોમાં પોતાનું નેટવર્ક ધરાવતું ફુડ મેમરીઝ આગામી વીસ દિવસમાં વસ્ત્રાપુર વિસ્તારના અમદાવાદ વન મોલ ખાતે ફુડ મેમરીઝનો રીટેઈલ અને એક્સ્પીરીઅન્સ્ડ સ્ટોર લોન્ચ કરવા જઈ રહ્યું છે.

જયાં એક જ પ્લેટફોર્મ પર લોકોને ભારતની કોઈપણ પ્રખ્યાત ફુડ આઈટમ હાથવેંતમાં ઉપલબ્ધ બનશે. આ સ્ટોરમાં એક્સ્પીરીઅન્સ્ડ ઝોનમાં અમારી વેબસાઈટ અને પ્રોડક્ટ સેમ્પલીંગ હશે એટલે કે, વેબસાઈટ મારફતે કોઈપણ નાગરિક ત્રણ હજાર પ્રોડક્ટની જાણકારી મેળવી શકશે તો, પ્રોડક્ટ સેમ્પલીંગમાં કઈ ફુડ આઈટમ કેવી છે તેનો નમૂનો જાણી શકશે. ફુડ પ્રેમી ગુજરાતની જનતા ભાતભાતની અને મનભાવન ફુડ આઈટમોની લુત્ફ ઉઠાવી શકશે. ભવિષ્યમાં બેંગ્લોર, મુંબઈ અને દિલ્હી સહિતના શહેરોમાં પણ આ પ્રકારના રિટેઈલ સ્ટોર લોન્ચ કરવાનું આયોજન છે એમ ડો.હર્મિતસિંઘ શીખે ઉમેર્યું હતું.

## પકોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરમજનક બાબત છે. કોઈ બેરોજગાર વ્યક્તિ ભજીયા અને અન્ય કોઈ ચીજો બનાવે છે. તેમની બીજી પેઢી આગળ આવશે. કોઈ મોટા ઉદ્યોગપતિ બનશે. એક ચાવાળા વ્યક્તિ પીએમ બનીને આજે ગૃહમાં ઉપસ્થિત છે. શાહે જીએસટીને ગબ્બરસિંહ ટેક્સ નામ આપવાને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જીએસટી માટે ગબ્બરસિંહ ટેક્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગબ્બરસિંહ શોલે ફિલ્મમાં એક ડાકૂ તરીકેની ભૂમિકામાં હતો. દેશમાં કોઈપણ પ્રકારની લૂંટફાટ થઈ નથી. કાયદાથી બનાવવામાં આવેલા ટેક્સ વસુલવાની બાબત કઈ રીતે લૂંટ હોઈ શકે છે. જીએસટીને લઈને બિનજરૂરી હોબાળો કરવામાં આવી રહ્યો છે. વનરેંક વન પેન્શન આપવા માટે જવાનના ખાતામાં રકમ પહોંચી રહી છે. શહીદોની વિધવાના બેંક ખાતામાં નાણા જમા થઈ રહ્યા છે. ગરીબોને ઘર આપવા માટે જીએસટીથી એકત્રિત કરવામાં આવેલી રકમ ઉપયોગ થઈ રહી છે. લોકોને કરવેરા ન ચુકવવા માટે પ્રેરિત કરવાની બાબત સારી બાબત નથી.

રાજ્યસભામાં પ્રથમ વખત નિવેદન કરવા માટે ઉભા થયેલા અમિત શાહે કોંગ્રેસના નેતૃત્વમાં અગાઉની યુપીએ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૩માં દેશની જે સ્થિતિ હતી તેને યાદ કરી લેવી જોઈએ. તે વખતે દેશમાં ભ્રષ્ટાચારની બોલબાલા હતી. દેશની કોઈ દિશા ન હતી. મહિલાઓ પોતાને બિનસુરક્ષિત અનુભવ કરી રહી હતી. સરહદ ઉપર રક્ષા કરનાર જવાનો રાજકીય નિર્ણયશક્તિના અભાવમાં પોતાની તાકાતનો પરિચય આપી રહ્યા ન હતા. મોદી સરકારની સિદ્ધિઓનો ઉલ્લખ કરતા શાહે કહ્યું હતું કે, તેમને સાડા ત્રણ વર્ષ પાછળ જઈને ખુબ જ આશ્ચર્ય થાય છે. બજેટમાં જાહેર કરવામાં આવેલા ૧૦ કરોડ લોકો માટે આયુષ્યમાન ભારત યોજનાનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું હતું કે, આ યોજનાને ભવિષ્યમાં નમો હેલ્થકેરના નામથી ઓળખવામાં આવશે. સાડા ત્રણ વર્ષના ગાળામાં મોદી સરકાર પોતાના ચૂંટણી વચનો પૂર્ણ કર્યા છે. ૨૦૧૪માં ૩૦ વર્ષ પછી કોઈ એક પાર્ટીને બહુમતિ મળી હતી. સ્વતંત્રતા બાદ પ્રથમ વખત આટલી પ્રચંડ બહુમતિ સાથે સરકાર બની હતી.

## કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવનાર છે. નિફ્ટીમાં હજુ ઘટાડો થઈ શકે છે. નિફ્ટી હવે ૧૦૫૦૦ સુધી રહી શકે છે. જુદા જુદા પરિબળોની અસર હેઠળ શુક્રવારના દિવસે સેંસેક્સ કારોબારના અંતે ૮૪૦ પોઈન્ટ ઘટીને ૩૫૦૬૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫૬ પોઈન્ટ ઘટીને ૧૦૭૬૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં શુક્રવારના દિવસે મચી ગયેલા કોહરામ માટે અનેક પરિબળો જવાબદાર રહેતા નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. શેરબજારમાં કારોબારીઓએ બ્લેક ફ્રાઈડેના દિવસે પાંચ લાખ કરોડ ગુમાવ દીધા હતા. તીવ્ર વેચવાલીનું મોજુ રહ્યું હતું. બીએસઈમાં તમામ લિસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડીમાં ૪.૭ લાખ કરોડનો ઘટાડો થતાં તેની સંપત્તિ ૧૪૮.૪ લાખ કરોડ થઈ હતી. સતત રેકોર્ડ બનાવી રહેલા શેરબજાર ઉપર બજેટની અસર જોવા મળી હતી. બ્લેક ફ્રાઈડે હેઠળ બજાર તુટ્યા હતો. બજેટમાં કેટલીક નવી જોગવાઈ કરવામાં આવ્યા બાદ કારોબારીઓમાં દહેશત દેખાઈ રહી છે. તમામ લોકો પહેલાથી જ માની રહ્યા હતા કે સોમવારના દિવસે પણ બજેટ પર સીધી અસર જોવા મળનાર છે. નિષ્ણાંતોની ગણતરી સાચી સાબિત થઈ હતી. તમામની નજર આરબીઆઈની પોલીસી સમીક્ષા બેઠક પર નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

## રાજસ્થાનમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરનામીથી નાખુશ છે. ચૌધરીએ કહ્યું છે કે, રાજે અને પરનામી બંને પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા છે જેથી તેમની સામે તરત કાર્યવાહી થવી જોઈએ. શાહને લખવામાં આવેલા પત્રમાં ચૌધરીએ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પર પાર્ટી અને કાર્યકરોના હિતોને નુકસાન પહોંચાડવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સાથે સાથે આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા બંનેને દૂર કરવાની પણ માંગ કરી છે. પાર્ટીમાં નવો ઉત્સાહ જગાવવાની જરૂર દેખાઈ રહી છે. આના માટે મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષને તેમના પદેથી દૂર કરી દેવા જોઈએ. અત્રે નોંધનીય છે કે, હાલમાં જ યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. બે લોકસભા અને એક વિધાનસભા સીટ ઉપર કોંગ્રેસની શાનદાર જીત થઈ છે. રવિવારના દિવસે પાર્ટી કાર્યકરોની એક બેઠકમાં મુખ્યમંત્રી રાજેએ કહ્યું હતું કે, આ હારથી નિરાશ થવાની જરૂર નથી. આનાથી બોધપાઠ લઈને ચૂંટણી મેદાનમાં ઉતરવાની જરૂર દેખાઈ રહી છે.

## છાંટણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૪ ડી ગ્રી નો તફાવત રહયો હતો. લઘુત્તમ તાપમાન ૧૬ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. જયારે બપોર બાદ અચાનક જ વાતાવરણમાં નાટકીય પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા પડયા હતા. સાંજના સમયે અચાનક જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાતવારણ નિખર્યુ હતુ. જો કે વરસાદ છાંટણા વરસાવી વધુ ન વરસતા નગરજનોએ રાહતનો શ્વાાસ લીધો હતો. આજે લગ્ન માટે સારા મુહુર્ત હોવાના લીધે નગરમાં અનેક વિધ ઠેકાણે લગ્ન મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આવા સંજોગોમાં વરસાદી વાયરાના લીધે લગ્ન મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. લગ્ન મહોત્સવના આયોજકોની નજર નભ તરફ મંડરાઈ હતી. વાતાવરણ પલ્ટાના લીધે વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. જો કે વરસાદી વાદળો વિખેરાઈ જતા લગ્ન મહોત્સવના આયોજકોએ રાહત અનુભવી હતી. વરસાદી વાદળો વચ્ચે પણ ઠંડી અદ્રશ્ય રહી હતી. દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડી ગ્રી રહયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૩ ડી ગ્રી ઘટયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ નહીંવત ઘટયુ હતુ. વાતાવરણ પલ્ટાના લીધે નગરજનોએ મોસમના વિચિત્ર મિજાજ સાથે બેચેની અનુભવી હતી.

## ફોર્મ ભરાયુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરશે તેમ ચૂંટણી અધિકારીને જણાવ્યુ હતુ.

દરમ્યાન ભારતીય જનતા પક્ષે ઉમેદવારોની યાદી જાહેર નહિ કરવાની તેમજ મેન્ડેટ ઉમેદવારોને નહિ પણ સીધો ચૂંટણી અધિકારીને આપશે તેવી જાહેરાત કરી દીધી છે.

જિલ્લા ભાજપના સૂત્રોએ સ્વીકાર્યું છે કે તેમના ઉમેદવારો તબક્કાવાર ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારોને ઉમેદવારી માટે સીધી સૂચના અપાશે. બીજી તરફ કોંગ્રેસ પક્ષમાં હજુ ઉમેદવારોની પસંદગી અંગેની કવાયતો ચાલી રહી છે. કોંગ્રેસે ૭મી ફેબ્રુઆરીએ ઉમેદવારોની યાદી જાહેર કરાશે તેવી જાહેરાત પણ કરી દીધી છે.

કોંગ્રેસ પક્ષના સિનીયર નેતાઓની આજે મહત્વની બેઠક મળી હતી અને તે મોડી સાંજ સુધી ચાલી હતી. જેમાં મોટાભાગના ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## સંકેત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ શકે તે અંગે કુલપતિઓ વિદ્યાર્થી મંડળો અને વાલીમંડળો સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી તેના તારણો અને પોતાના અભિપ્રાય સાથે ૧૫ દિવસની અંદર રાજ્ય સરકારને પોતાનો અહેવાલ આપે તેવી કુલપતિઓને સૂચન ાઆપી છે. આ બેઠકમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણના હિતમાં પ્રવેશ પરીક્ષા અને પરિણામ સમયસર થાય તેવું આયોજન કરવા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કુલપતિઓને સૂચના આપી હતી.

